અમદાવાદ શહેરના આશ્રમ રોડ ઈન્કમટેક્સ ઉપર બનાવેલા ઓવરબ્રિજ નીચે વિદ્યાપીઠ નજીક વરસાદના કારણે રસ્તાની હાલત કફોડી બની છે.

સોમનાથ મહાદેવ મંદિર ખાતે સ્વયં મેઘરાજાના અભિષેક સાથે શ્રાવણનો ભવ્ય પ્રારંભ...

ગાંધીનગર, અરબી સમુદ્ર કિનારે પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ જેનુ ચરણ પ્રક્ષાલન સ્વયં રત્નાકર કરી રહેલ છે, આજે શ્રાવણના પ્રારંભે મંદિરના દ્વાર ભક્તો માટે સવારે ૫-૩૦ ખોલવામાં આવેલ હતા, આજે શ્રાવણ પ્રારંભે ટ્રસ્ટી સેક્રેટરી પ્રવીણભાઇ લહેરીએ અધિકારીઓ સાથે શ્રાવણ વ્યવસ્થાની મુલાકાત લઇ માર્ગદર્શન આપેલ, મેઘમહેર થતા શ્રાવણના પ્રથમ દિવસે સ્વયં મહાદેવને મેઘરાજાનો અભિષેક જોઇ ભાવિકો ધન્ય બનેલ હતા. પ્રાતઃશૃંગારમાં મહાદેવને પીતાંબર-ભસ્મ-વિવિધ પૂષ્પોના હાર તેમજ પાંખડીઓથી મનમોહક શૃંગાર પૂજાચાર્ય ધનંજયભાઇ દવે સહીત ટીમ દ્વારા કરવામાં આવેલ, પ્રાતઃ આરતીમાં જય સોમનાથ નો નાદ ગુંજી ઉઠેલ હતો. આરતી બાદ શ્રાવણની પારંપરીક શરૂઆત શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ધ્વજાપૂજન થી કરવામાં આવેલ પૂજનમાં ટ્રસ્ટી સેક્રેટરી પ્રવીણભાઇ લહેરી તથા શ્રીમતી નીલાબેન લહેરી દ્વારા કરવામાં આવેલ જેમાં ટ્રસ્ટના જનરલ મેનેજર સહીત અધિકારી કર્મચારી જોડાયા હતા. ત્યાર બાદ શ્રાવણ માસ દરમ્યાન શરૂ રહેનાર મહામૃત્યુંજય યજ્ઞનો પ્રારંભ ટ્રસ્ટના ટ્રસ્ટી સેક્રેટરી પ્રવીણભાઇ લહેરી એ કરાવેલ હતો. ખાસ કાશિવિશ્વનાથ થી રામ-શ્યામ બંને ભાઇઓ કાવડ લઇ શ્રાવણમાં સોમનાથ મહાદેવને અભિષેક માટે આવી પહોચેલ હતા.

પાલનપુર પાસે જીપ અને કાર ટકરાતાં શિક્ષિકાનું કરૂણ મોત

પાલનપુર, પાલનપુર ડીસા હાઇવે ઉપર કુશકલ ગામના પાટિયા પાસે ગુરૂવારે કાર અને બોલેરો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક શિક્ષિકાનું મોત નિપજ્યું હતું. જ્યારે ૫ શિક્ષકો તેમજ બોલેરોમાં સવાર ૩ વ્યક્તિઓને ઈજાઓ થતાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પાલનપુર ડીસા હાઇવે ઉપર સર્જાયેલા અકસ્માતની વિગતો એવી છે કે, દાંતીવાડા તાલુકાની રામસણ પ્રાથમિક શાળા અને ડાંગીયા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં શિક્ષકો ગુરૂવારે સ્કૂલે જઈ રહ્યા હતા. તે દરમિયાન કુશકલ ગામના પાટિયા પાસે બોલેરો અને કાર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. જેમાં ડાંગીયા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં શિક્ષિકા મૂળ ભિલોડા અને હાલ પાલનપુર રહેતાં શારદાબેન શંકરભાઈ ખરાડી (ઉ.વ.૪૭) નું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ૫ શિક્ષકો તેમજ બોલેરોમાં સવાર ૩ વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્તોને પાલનપુર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

PNB બેંકની આડોડાઈથી વિદેશ જતો છાત્ર અટવાયો

મોડાસા, મોડાસાની પંજાબ નેશનલ બેંકમાંથી લોન લઈ ઉચ્ચ અભ્યાસ અર્થે ફિલિપાઈન્સ જનાર મનન દેવકર અને તેનો પરિવાર બેંકના તખઘલી નિર્ણય અને આડોડાઈને કારણે ભારે વિમાસણમાં મુકાયો છે. પંજાબ નેશનલ બેંકે એજયુકેશન લોનનો બીજો હપ્તો આપવાની એકાએક ના પાડી દીધી હતી જેના કારણે વિદ્યાર્થી ફિલિપાઈન્સની મેડિકલ કોલેજમાં ફી નહિ ભરી શકતા ફસાવા જેવી સ્થિતિમાં આવી ગયો છે. બેંકની આડોડાઈને કારણે વિદ્યાર્થીના પિતા વડોદરાથી મોડાસા દોડી આવ્યા હતા અને બેંક મેનેજર આગળ ઉગ્ર રજુઆત કરી હતી. મોડાસા પંજાબ નેશનલ બેંકમાં વિદ્યાર્થીના પિતા ડૉ.સંતોષ દેવકરે રોષ ઠાલવ્યો હતો.

ભાવનગરમા કાયદો વ્યવસ્થાના નામે સંપુર્ણ કથળેલી હાલત : કોંગ્રેસ

ભવનગર, બીજાના ઈતિહાસને વખોડવાથી કે વગોવવાથી આપણો ઈતિહાસ બદલી શક્તો નથી, આજે ભાજપ છેલ્લા ૨૫ વર્ષથી ફેકાગીરી અને ફેકારીગીરીથી બનાવેલી આભા થકી જનતાને છેતરી રહી છે, પરંતુ ભાજપા કોંગ્રેસના ઈતિહાસની ભવ્યતા અને વાસ્તવિકતાને ખોટી ચિતરતા પહેલા દેશના પુસ્તકાલયોમા ૧૮૫ વર્ષના આઝાદીના સંઘર્ષ કાળનો ઈતિહાસ વાંચે અને સાથો સાથ એ પાના પણ વાંચે કે ભાજપાની ધરોહરના તેના પુર્વજો ત્યારે ક્યો રોલ અદા કરતા હતા. જેનો કોઈ ઈતિહાસ કે આઝાદીમા આહુતિ નથી, એની ધરોહર આજે સતા સ્થાને છે અને તેની ધરોહરે ૫૦ વર્ષથી તેના ભક્તોને એક જ મંત્ર આપ્યો છે, શક્તિશાળી કોંગ્રેસને નબળી પાડો અને જનતાને ખોટો ઈતિહાસ આપી જનતાને ભ્રમિત કરો અને એ જ દિશામા આજે ભાજપા પોતાનો વ્યાપ વધારી રહી છે, એટલે જ ભાજપા ક્યારેય જનતાના સીધા પ્રશ્નોનો જવાબ આપતી નથી. ૩૧ જુલાઈની ભાવનગર ખાતેની પ્રેસમા મેજે વાત મુકી તેના જવાબ આપવાને બદલે તેને ૫૦ વર્ષમા જે પિરસવામા આવ્યુ તે પ્રેસની સામે મુકી દીધેલ, પરંતુ મારા મુખ્ય મુદ્દા હતા જેવા કે, ભાવનગરની સર ટી હોસ્પિટલમા થતી ગેરરીતી અને ભ્રષ્ટાચાર અનેક કિસ્સા, એસટી તંત્રમા ડ્રાઈવર-કંડકટરના અપુરતા સ્ટાફને કારણે ગામડાના રુટો બંધ, કરવામા આવે છે., ભાવનગર જીલ્લામા સૌથી વધુ ગૌચર વેચાયા, ભાવનગરમા કાયદો વ્યવસ્થાના નામે સંપુર્ણ કથળેલી હાલત, વર્ષો પહેલા કરદેજના રેલ્વે ક્રોસિંગ માટે જમીન સંપાદન થયેલ કોઇ પ્રગતિ, નહી, દિવસે દિવસે ધંધા રોજગાર ભાંગતા હોવાને કારણે ભાવનગરમા બેરોજગારીના પ્રશ્નો, શહેર અને જીલ્લામા આરોગ્ય વિષય અને શિક્ષણની ગુણવતા સભર સુવિધા મળેપ, સ્વચ્છા અભિયાનના નામે જનતા પાસે તગડો કર ઉઘરાવવામા આવે છે, જાહેર, સંસ્થાઓમા ગંદકીના ઢગ છે. મારી ભાજપાને નમ્ર વિનંતી છે કે જનતાની સામે જુઠુ બોલવાનુ બંધ કરો અને ભાવનગરની જનતાના વિકાસ અને સુખાકારીની ચિંતા કરવાના ઢોંગ બંધ કરી તમારા પાપોની ફલશ્રુતિ થકી જનતાની દુખાકારીમાથી પહેલા બહાર કાઢોપ..અને અમોએ કરેલ ઉપર મુજબની માંગ બાબતે ભાજપા આડી અવળી આક્ષેપબાજીમા ઉતર્યા વગર સ્પષ્ટતા કરે અને ઉકેલવાની ખાતરી આપે. અમે જનતા માટે કરેલી ચિંતાના પ્રશ્નો મીડીયાના માધ્યમથી સરકાર સામે મુક્યા છે, આ પ્રશ્નોનુ નિરાકરણ કરવાની દિશામા સરકારે આગળ વધવુ છે કે નહી તેનો જવાબ આપવાને બદલે ભાજપાના મિત્રો આદત મુજબ હર વખતની જેમ પોતાની નિષ્ફળતા અને ગેરરિતીઓ ઢકવા કોંગ્રેસના ઈતિહાસની વાર્તા કરવા લાગે છે, ભાજપાને જનતાએ મત કોંગ્રેસની ટીકા સાંભળવા નથી આપ્યા.હોસ્પિટલની ગેરરીતી અને આ ભ્રષ્ટાચારમા સીધી રીતે સંકળાયેલ રોગી કલ્યાણ સમિતિના ચેરમેન અને તેની સભ્ય સમિતિના તમામ સભ્યોને તેમજ હોસ્પિટલના વડાને તાત્કાલિક અસરથી બરતરફ કરવામા આવે અને ઉચ્ચ કક્ષાની તપાસ સમિતિ દ્વારા તપાસ થાય અને જવાબદારો સામે કડક કાર્યવાહી થાય એવી મારી માંગ છે.

મહેસાણા SOGએ કડીમાંથી ગાંજો વેચનાર શખ્સને ઝડપ્યો

કડી, મહેસાણા એસઓજી કડીના મણિપુર વિસ્તારમાંથી ગાંજાનું વેચાણ કરતા શખ્સને ઝડપી લીધો હતો. મહેસાણા જિલ્લાના પોલીસ અધિક્ષક નિલેશ જાજડિયાની સૂચનાથી મહેસાણા એસ.ઓ.જી.ના પી.આઈ. પી.જી.ચૌધરી અને પી. એસ. આઈ. એમ.ડી.ચંપાવતની ટીમે બાતમીના આધારે કડીના મણિપુર વિસ્તારમાં ગુરુવારે રેડ કરી ગાંજાનો ગેરકાયદે વેચાણ કરતા અજયજી જવાનજી ઠાકોર(ચૌહાણ)ને ૨ કિલો ૪૦૮ ગ્રામ ગાંજા અને વજન કાંટા સાથે ઝડપી પાડ્યો હતો. ગાંજાની કિંમત આશરે રૂપિયા ૨૫૦૦૦ જેટલી થાય છે. આરોપીને કડી પોલીસ સ્ટેશનમાં લાવી એન.ડી.પી.એસ.એક્ટ ૧૯૮૫ ની કલમ ૮ સી,૨૦ બી, ૨૯ મુજબ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સતલાસણાની BOI શાખામાં ૮૩ લાખના બનાવટી ચેક વટાવવાના પ્રયાસથી ચકચાર

મહેસાણા, સતલાસણાની બેન્ક ઓફ ઈન્ડીયાની શાખામાં રૂપિયા ૮૩ લાખનો બનાવટી ચેક ભરીને તેને પોતાના ખાતામાં જમા કરાવવાની કોશિશ કરનાર ત્રણ શખ્સોનો ખુલાસો થઈ ગયો હતો. સતલાસણાની બેન્ક ઓફ ઈન્ડીયાની શાખામાં સતલાસણાનાં આનંદભાંખરીનાં સોલંકી દોલતસિંહ બાબુસિંહે પોતાના કરન્ટ ખાતામાં ૭૩૫૯૩૧ નંબરનો રૂપિયા ૮૩ લાખનો બનાવટી ચેક બનાવી તેમાં ચેડાં કરી, બનાવટી ચેક હોવાનું પોતે જાણતા હોવા છતાં કપટપૂર્વક ખોટા ચેકનો ખરાં તરીકે દુરૂપયોગ કરી છેતરપીડી કરવાના આશયથી પોતાના ખાતામાં રૂપિયા ૮૩ લાખ જમા કરાવવાની કોશિશ કરતાં બેન્ક મેનેજરનાં ધ્યાને આવી ગયુ હતું. દોલતસિંહની સાથે સરતાનપુરાનાં હેમેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ ચૌહાણ અને પ્રાંતિજ તાલુકાના વાઘપુરા ગામનાં રાજેન્દ્રસિંહ સાહેબસિંહ રાઠોડ પણ આવ્યા હતા. તેથી બેન્ક મેનેજર મુરારીલાલ કજોડમલ મીનાએ ત્રણેય શખ્સો સામે સતલાસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પોલીસે ત્રણેય શખ્સો સામે ગુનો નોંધીને દોલતસિંહ સોલંકીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે ચાર દિવસનાં રીમાન્ડ પર મંજૂર કર્યા હતા. તેથી દોલતસિંહની પૂછપરછ દરમિયાન અન્ય શખ્સોનાં નામ ખૂલે તેવી સંભાવના છે. પોલીસે બાકીના બે આરોપીઓની ધરપકડ કરવા શોધખોળ શરૂ કરી છે. જ્યારે આ કેસમાં અન્ય શખ્સો સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે. જો કે બેન્ક મેનેજરની સમય સૂચકતાના કારણે હાલમાં તો બેન્કનાં રૂપિયા ૮૩ લાખની છેતરપીડી થતા રહી ગઈ છે.

ઊંઝા એપીએમસી તાલુકાનાં કુપોષિત બાળકોને દત્તક લેશે

ઊંઝા, એશિયા ખંડની સહુથી મોટી એવી ઊંઝા એપીએમસી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટે સદાય અગ્રેસર હોય છે ત્યારે ઊંઝા એપીએમસીના ચેરમેન દિનેશભાઈ પટેલ અને વાઈસ ચેરમેન શિવમભાઈ રાવલ સહિતની ડિરેક્ટરો અને ઊંઝાના ધારાસભ્ય ડો.આશાબેન પટેલના સરાહનીય સહકારથી ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના અંદાજે ૨૦૦ કરતા વધારે કુપોષિત બાળકોને દત્તક લઈ આરોગ્ય તપાસણી કરાવી જરૂરિયાત મુજબનો પોષણક્ષમ આહાર તથા દવાઓ ડોકટરની સલાહ મુજબ વિનામૂલ્યે ઊંઝા એપીએમસી પુરી પાડનાર છે. સરકાર જયારે ૧લી ઓગસ્ટથી ૧૪ મી ઓગસ્ટ સુધી જુદા જુદા દિવસો ઉજવી રહી છે ત્યારે ૩ ઓગસ્ટના રોજ મહિલા સ્વાવ લંબન દિવસ તરીકે ઉજવવાનો જાહેર કરેલ છે. જે અન્વયે ઊંઝાના જાગૃત ધારાસભ્ય ડો.આશાબેન પટેલ દ્વારા ઊંઝા એપીએમસી ખાતે સખી મંડળની બહેનોને એક જ મંચ ઉપરથી જુદી જુદી બેંકો દ્વારા પચાસ લાખ થી વધારે કેશ ક્રેડિટ તથા લોન મંજુર કરી બહેનોને સ્વાવલંબન બનાવવા કાર્યક્રમનું આયોજન કરેલ છે.

કાંકરેજના માનપુર ગામે ૯ લોકોને ખોરાકી ઝેરની અસર

થરા, કાંકરેજ તાલુકાના માનપુર ગામે ૯ લોકોને ખોરાકીઝેરની અસર થતાં શિહોરી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કાંકરેજના માનપુર ગામે મહેમાનગતિ આવેલ ભુજ નખત્રાણાના ભીખીબા મફતસિંહ વાઘેલ (ઉ.વ. ૬૦), કુંવરબા કનુભા (ઉ.વ.૧૫), તારાબા વિષ્ણુભા (ઉ.વ.૨૮), મીનાબા ભીખુભા રાઠોડ (ઉ.વ.૨૫), સરસ્વતીબા અભેસિંહ (ઉ.વ.૨૨), ભીખુભા રવુભા રાઠોડ (ઉ.વ.૨૮) તેમજ અમદાવાદના દેત્રોજ તાલુકાના ઉધરોજ ગામના વિક્રમસિંહ કનુભા વાઘેલા (ઉ.વ.૧૫) અને સૂર્યાબા બાપુસિંહ સોલંકીએ ગુરુવારે ભોજનમાં દાળ, ભાત, શાક, રોટલી આરોગ્યું હતું. જે બાદ તેમને ખોરાકી ઝેરની અસર થતાં તબિયત લથડી હતી. આ અંગેની જાણ થતાં પરિવારજનોમાં ભારે અફરાતફરી મચી જવા પામી હતી. અને અસરગ્રસ્તોને શિહોરી રેફરલ ખાતે સારવાર અર્થે લવાયા હતા. જયાં હાજર તબીબ માનસિંગભાઈ ચૌધરીએ સારવાર કરી હતી. હાલ આ દર્દી ઓની હાલત સુધારા પર હોવાનું જણાવ્યું હતું.

સોમનાથમાં ૧૮ દિવસથી સફાઈ કામદારોના હડતાલથી ગંદકીના ગંજ

પ્રભાસ પાટણ, સોમનાથ-પ્રભાસ પાટણમાં ૧૮ દિવસથી સફાઈ કારદારોની હડતાલને પગલે આખું શહેર નર્કાગારમાં ફેરવાયેલ છે અને તેના કારણે લોકોમાં રોગચાળાનું પ્રમાણ સતત વધી રહેલ છે. ૨ ઓગષ્ટના રોજથી પવિત્ર શ્રાવણ માસનો શુભારંભ થઇ રહેલ છે અને પ્રથમ જયોર્તિલીંગ સોમનાથ મહાદેવના દર્શને સમગ્ર દેશભરમાંથી યાત્રીકો લાખોની સંખ્યામાં આવશે. ત્યારે સોમનાથ પ્રભાસપાટણના દરેક ભાગમાં ગંદકી અને દુર્ગંધ મારતું પાણી જ જોવા મળે છે. કારણ કે સોમનાથમાં ૧૮ દિવસથી કોઈજાતની સફાઈ થઇ રહેલ નથી. સોમનાથ મંદિરની બાજુમાં ગટરના પાણી રોડ ઉપરથી વહી રહેલ છે જેથી યાત્રીકો આ ગંદા પાણીમાંથી પસાર થઇ અને સોમનાથ મંદિરે દર્શન માટે જાય છે તેમજ સોમનાથ ટ્રસ્ટની ઓફીસની સામેના ભાગમાં આવેલ દુકાનોની બાજુમાં કચરો અને ગંદા પાણી જ જોવા મળે છે. આ ગંદકીના કારણે દુકાનદારોને ત્યાં કોઈ ખાવા-પીવા આવતા નથી. અને ત્યા થી નિકળતા યાત્રીકો અને સ્થાનિક લોકો આ ગંદકીમાંથી પસાર થઈને જવું પડે છે અને ફરજીયાત મોઢે મુંગા રાખવા પડે છે.

યુવકને આઈસ્ક્રીમ ખવડાવી યુવતી દાગીના ઉતારી ગઈ

ગાંધીનગર, આઈસ્ક્રીમ ખવડાવતા જ યુવકની આંખો ઘેરાવા લાગી હતી. કલાકો બાદ યુવકની આંખ ખુલી તો ચાંદીનું કડું અને સોનાની કડીઓ ગાયબ હતી. માર્ચ મહિનામાં બનેલી ઘટના બાદ લાંબા સમય સુધી યુવકે ઠગ યુવતીને શોધવા પ્રયાસ કર્યા હતા, પરંતુ તેમાં નિષ્ફળતા મળતાં યુવકે આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અંબોડમાં રહેતા મીનેષ જુહાજી દંતાણી (ઉ.વ.૩૨)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તે અંબોડ બસ સ્ટેન્ડ પાસે સોડા-શરબતની લારી ચલાવે છે. તેની લારી પર આશા નામની એક યુવતી અવારનવાર આવતી હોવાથી પરિચય કેળવાયો હતો. છઠ્ઠી માર્ચે આશાએ તેને સારી નોકરી અપાવવાની વાત કરી હતી. આશા પર વિશ્વાસ રાખીને સાતમી માર્ચે મીનેષ તેને મળવા ગાંધીનગર પ્રેસ સર્કલ આવ્યો હતો. બાદમાં તેને આશા સેક્ટર-૨૮ના ગાર્ડનમાં લઈ ગઈ હતી. ત્યાં આશા બે આઈસ્ક્રીમ લઈ આવી હતી. આઈસ્ક્રીમ ખાતા જ યુવકની આંખો ઘેરાવા લાગી હતી અને તે બેભાન થઈ ગયો હતો. યુવકની આંખો ખુલી ત્યારે અંધારુ થઈ ગયુ હતું અને તેણે હાથમાં પહેરેલું રૂ.૧૦ હજારની કિંમતનું ચાંદીનું કડું અને ૧૨ હજારની કિંમતની સોનાની બે કડી ગૂમ હતી.

LYPSA GEMS & JEWELLERY LIMITED
[CIN NO.L28990GJ1995PLC028270]
Regd. Add : Wing A, 2nd Block, 202-302, Orchid Complex, Opp. HDFC Bank, Chhapi-Pirojpura Road,Chhapi, Vadgam, Banaskantha, Gujarat – 385210.
Corp. Office : Mehta Mahal, 2nd floor , North Side, Opp. Roxy Cinema, 15th Mathew Road, Opera house, Mumbai -400004 Tel. : +91 22 2367 9792 | Email : info@lypsa.in

NOTICE OF BOARD MEETING

Pursuant to Regulation 29 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations 2015,Intimation is hereby given that meeting of Board of directors of **Lypsa Gems & Jewellery Limited**, is scheduled to be, held on Wednesday, 14th August, 2019, at 4.00 p.m. at its **CORPORATE OFFICE**- situated at Mehta Mehal, 2nd Floor, North Side, Opp. Roxy Cinema, 15 Mathew Road, Opera House, Mumbai-400004 for the approval of **Quarterly Un-Audited Financial Results**, of the company, as per Regulation-33 of SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations) for the **quarter ended on 30th June 2019**.

By and on Behalf of the Board of Directors.
FOR-LYPSA GEMS & JEWELLERY LIMITED
Sd/-
CHAIRMAN
Name: DIPAN B. PATWA
DIN: 02579405

PLACE-MUMBAI
DATE- 02.08.2019

Bloom Dekor Limited
CIN: L20210GJ1992PLC017341
Registered Office: Plot No. 267, Village: Oran, Tal: Prantij, N.H.8, Dist. Sabarkantha, North Gujarat - 383 205
Corp.off: 2/F, Sumel, Sarkhej-Gandhinagar Highway Road, Opp. GNFC Info Tower, Thaltej, Ahmedabad - 380 059
Ph: 079 - 2684 1916; Fax: 079 - 2684 1914; **Email:** redressal@bloomdekor.com; **Web:** www.bloomdekor.com

(₹ in Lakh except EPS)

Particulars	Quarter ended on 30/06/2019	Year ended on 31/03/2019	Quarter ended on 30/06/2018
	Unaudited	Audited	Unaudited
Total Income From Operations	1,011.58	5,160.81	12,260.00
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	(44.92)	(919.53)	(255.70)
Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	(44.92)	(919.53)	(255.70)
Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	(35.14)	(733.19)	(214.21)
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	(33.80)	(729.22)	(211.91)
Equity Share Capital	685.00	685.00	685.00
Reserves (excluding Revaluation Reserve as shown in the audited Balance Sheet of the previous year)	-	(366.92)	-
Earnings Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations)-			
Basic : (not annualzed for the quarter ended)	(0.51)	(10.70)	(3.13)
Diluted:(not annualzed for the quarter ended)	(0.51)	(10.70)	(3.13)

Note:- The above financial is an extract of the detailed format of quarterly Financial Results filed with the BSE Limited under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly Financial Results are available on the Bombay Stock Exchange Website at www.bseindia.com and Company's website at www.bloomdekor.com.

For,Bloom Dekor Limited
Sd/-
Dr. Sunil Gupta
Managing Director
DIN: 00012572

Place: Ahmedabad
Date: August 2, 2019